'હેનરી  ડેવિડ થોરો અને ભારતીય વિચારધારા'

આંતરરાષ્ટ્રીય પરિસંવાદ

(તા.૧૭ ફેબ્રુઆરી–૨૦૧૮)

નિમંત્રણપત્ર

ભૂમિકા :– પ્રવર્તમાન સમયમાં આંતર શાખાકીય વલણ અને બહુભાષાકીય અભ્યાસોનો પ્રવાહ ચાલી રહયો છે. હકીકતમાં આજના સમયમાં વૈશ્વિકરણને કારણે સાહિત્યની આપણી સમજમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યુ છે. તેના કારણે આપણે પરંપરાગત અભિપ્રાયો અને વલણોમાં બંધાયેલા નથી રહયા. સાંસ્કૃતિક સંવાદો અને બૌદ્ધિક પ્રવાહો વર્તમાન સમયની જરૂરીયાત છે. તેના અનુસંધાને **ગુરૂકુલ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર** દ્વારા **'હેનરી ડેવિડ થોરો અને ભારતીય વિચારધારા'** વિષય અંતર્ગત એક **આંતરરાષ્ટ્રીય પરિસંવાદ**નું આયોજન કરવા જઈ રહી છે. આ પરિસંવાદનો હેતુ માત્ર થોરોની ૨૦૦ મી જન્મજયંતી ઉજવવાનો જ નથી પરંતુ થોરોના સાહિત્યનું ભારતીય દર્શનના સંદર્ભમાં પુનઃ વિચાર , પુનઃ અર્થઘટન અને પુનઃ નિમાર્ણ કરવાનો છે.

પૂર્વીય અને પશ્ચિમી વિદ્વાનો સારી રીતે જાણે છે કે, ભારતીય દાર્શનિક વિચારધારાથી 'અમેરીકી ટ્રાન્સેન્ડેન્ટલિસ્ટસ' કેટલા બધા ગાઢ રીતે પ્રભાવિત થયેલા છે. એજ રીતે 'સવિનય કાનૂન ભંગ' અને 'સાદું જીવન, ઉચ્ચ વિચાર' અંગેના થોરોના વિચારોએ મહાત્માગાંધીને સવિશેષ  પ્રભાવિત કરેલા. જેથી એમણે આગળ જતા 'સત્યાગ્રહ' જેવું સૂત્ર પ્રચલિત કર્યુ. હકીકતમાં થોરોએ વેદ, ઉપનિષદ અને ભગવદ્ગીતાનું અધ્યયન કરેલુ અને એમનું મોટા ભાગનું સાહિત્ય અને ખાસ કરીને 'વોલ્ડન' સાહિત્યકૃતિ ભારતીય ગ્રંથોથી પ્રભાવિત છે.

નીચેના મુદાઓ પર સંશોધનપત્રો આમંત્રિત કરવામાં આવે છે.

- સંશોધકો માટે પરિસંવાદના વિષયો :

૧) હેનરી ડેવિડ થોરો અને વૈદિક વિચારધારા

૨) હેનરી ડેવિડ થોરો અને ઉપનિષદની વિચારધારા

૩) હેનરી ડેવિડ થોરો અને ભગવદ્ગીતાની વિચારધારા

૪) હેનરી ડેવિડ થોરો અને આંતરસાંસ્કૃતિક સંવાદ

૫) હેનરી ડેવિડ થોરો અને અમરીકન ટ્રાન્સેન્ડેન્ટલિઝમ

૬) હેનરી ડેવિડ થોરો અને અનુ આધુનિકતાવાદ

૭) 'સાદું જીવન, ઉચ્ચ વિચાર' અને ભારતીય સાહિત્ય

૮) ભારતીય સાહિત્યમાં આધ્યાત્મિક જીવન મૂલ્યો

૯) વર્તમાન સમયમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ

૧૦) ભારતીય અને પશ્ચાત્ય દાર્શનિક વિચારધારા

૧૧) શિક્ષણ અને માનવ મૂલ્યો

૧૨) ભગવદ્ગીતા અને બાઈબલ

૧૩) ભારતીય અને પશ્ચાત્ય ધાર્મિક વિચારો

૧૪) ભારતીય અને પશ્ચાત્ય શિક્ષણ પધ્ધતિ

૧૫) થોરો અને એમનું સાહિત્ય

વિદ્યાર્થીઓ , અધ્યાપકો, શિક્ષણ શાસ્ત્રીઓ અને સંશોધકો તરફથી સંશોધનપત્રનો સારાંશ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૫–૦૧–૨૦૧૮ છે. આ સંદર્ભનો તમામ પત્ર વ્યવહાર માત્ર નીચે મુજબના ઈ–મેઈલ દ્વારા કરવો.

સંશોધનપત્રો શ્રુતી ફોન્ટમાં ૧૪ ની સાઈઝમાં મોકલવાના રહેશે.

ઈ–મેઈલ આઈ.ડી. : internationalseminaronhdtandit@gmail.com

અગત્યની તારીખો :–

૧) સારાંશ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૫–૦૧–૨૦૧૮

૨) સંશોધનપત્ર જમા કરાવવાની છેલ્લી તારીખ ૩૦–૦૧–૨૦૧૮

પસંદગી પામેલ સંશોધનપત્ર સ્વીકૃતિની જાણ સંશોધકને તેમના ઈ–મેઈલ આઈ. ડી. પર કરવામાં આવશે.

- રજીસ્ટ્રેશન ફી :
  - અધ્યાપકો અને અન્ય માટે : રૂા.૧૦૦૦/–
  - વિદ્યાર્થીઓ (સ્નાતક) : રૂા.૩૦૦/–
  - વિદ્યાર્થીઓ (અનુસ્નાતક) : રૂા.૫૦૦/–

- સ્પોટ (તત્કાલ) રજીસ્ટ્રેશન ફી
  - અધ્યાપકો અને અન્ય માટે : રૂા.૨૦૦૦/–
  - વિદ્યાર્થીઓ (સ્નાતક) : રૂા. ૪૦૦/–
  - વિદ્યાર્થીઓ (અનુસ્નાતક) : રૂા. ૬૦૦/

સંશોધકે પોતાની રજીસ્ટ્રેશન ફી ડી.ડી./બેંક કે ઈન્ટર–સીટી ચેક દ્વારા 'પ્રિન્સિપાલ ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર' ના નામથી પોરબંદર, ગુજરાતમાં મોકલવાનો રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન ફી જમા કરાવવા માટે 'પ્રિન્સિપાલ ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પોરબંદર' દેના બેંક ખાતા નંબર 004410000086, IFSC code-BKDN0310044 એન.મોદી રોડ શાખા, પોરબંદરનો ઉપયોગ કરવો. જે સંશોધકે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યુ હશે તેમણે રજીસ્ટ્રેશન ફોર્મ સાથે રજીસ્ટ્રેશન ફી જમાં કરાવ્યાની રસીદ અનિવાર્ય પણે જોડવાની રહેશે. આ રસીદ વિના સંશોધનપત્ર સ્વીકારવામાં આવશે નહી અને તેનો તત્કાલ (સ્પોટ) રજીસ્ટ્રેશનમાં સમાવેશ થશે.